# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot

104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Dr. N.A. SHAH
Co-Ordinator

Re-Accredited
Grade A by NAAC


Ref.:
Date: 30/11/2016

## પ્રેસનોટ

**સી.સી.ડી.સી. દ્વારા.... સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્વર્ણિમ યર ઉજવણી અંતર્ગત....**
**સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજય કોલેજોનાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ– ૨**
**ની પ્રાથમિક કસોટીનાં નિઃશુલ્ક તાલીમ વર્ગોનું આયોજન....**
**જનરલ સ્ટડીઝ પ્રશ્નપત્ર – ૧ ની તાલીમ અપાશે....**
**૧૦ ડીસેમ્બર, ૨૦૧૬ થી શરૂ કરાશે.... ૫૫૪ જેટલા અધ્યાપકોની ભરતી....**
**મર્યાદિત સંખ્યામાં પ્રવેશ ......**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્વર્ણિમ વર્ષ ઉજવણી અંતર્ગત સી.સી.ડી.સી. ના માધ્યમથી તાજેતરમાં જી.પી.એસ.સી. દ્વારા સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજય વિદ્યાશાખાની કોલેજોમાં અંદાજીત ૫૫૪ જેટલી મદદનીશ પ્રાધ્યાપક વર્ગ – ૨ ની ભરતીની પરીક્ષા યોજાનાર છે. તેમાં તમામ વિષયોના અધ્યાપકો માટે સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્ર – ૧ ની નિઃશુલ્ક તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ અને કુલસચિવશ્રી ડો. ધીરેનભાઈ પંડયાના સફળ માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારના વિદ્યાર્થીઓ જી.પી.એસ.સી. મદદનીશ પ્રાધ્યાપક વર્ગ – ૨ ની પ્રાથમિક કસોટીમાં સફળતા મેળવે તે સંદર્ભે સી.સી.ડી.સી. ના તજજ્ઞોની ટીમ મારફત તા. ૧૦ ડિસેમ્બર ૨૦૧૬ થી દર શનિવાર અને રવિવાર ૪ કલાક વીક એન્ડ સ્પેશ્યલ તાલીમ વર્ગો આયોજન કરવામાં આવેલ છે.

સી.સી.ડી.સી. ના સંયોજક પ્રો. નિકેશ શાહે જણાવેલ કે, ગુજરાત રાજયની વિવિધ સરકારી કોલેજોમાં સૌરાષ્ટ્ર વિસ્તારના વિદ્યાર્થીઓ સફળ દેખાવ કરી શકે તે માટે સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્ર–૧ ના વિવિધ મુદાઓ ભારતની ભૂગોળ, ભારતનો સાંસ્કૃતિક વારસો, ભારતનો ઈતિહાસ, ભારતની અર્થવ્યવસ્થા અને રાજનીતિ, બંધારણ, સામાન્ય બૌદ્ધિક ક્ષમતા, ખેલ જગત, ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ અને કરંટ અફેર્યસ વગેરે ઉપર તજજ્ઞો મારફત ૪૦ થી ૬૦ કલાકની તાલીમ ડિસેમ્બર–જાન્યુઆરી માસમાં વિનામૂલ્યે આપવાનું આયોજન કરાયેલ છે. અધ્યાપકોની ભરતીમાં વિવિધ વિષયોમાં પારંગત વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાનની સઘન તાલીમ મળે રહે તે માટે ઉપરોકત વિશિષ્ટ તાલીમ શાળાનું આયોજન કરાયેલ છે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૦૮–૧૨–૨૦૧૬ સુધીમાં ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ વિનામૂલ્યે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી. નું ઓનલાઈન ભરેલ ફોર્મ, માસ્ટર ડિગ્રી માર્કશીટ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પરથી પણ મળી શકશે. આ તાલીમ વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)